બિન સરકારી માધ્યમિક શાળાઓને આપવામાં
આવતા સહાયક અનુદાન....

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ નં.બમશ/૧૧૮૧/૨૭૫૧૨/ગ.

સચિવાલય,ગાંધીનગર તા.૨૨-૪-૮૨..

વાંચવામાં લીધો:- શિક્ષણ વિભાગનો તા.૨૯-૯-૭૭નો ઠરાવ નં.જીએસી-૧૦૭૭-
૩૪૦૭૭/ગ/શિક્ષણ વિભાગનો તા.૨૦-૧૧-૮૦નો ઠરાવ ક્રમાંક
જીએસી/૧૦૭૭/૫૭૩૯૦/ગ.

શ્રી આર.એસ.ત્રિવેદી સમિતિના અહેવાલમાં આવેલી ભલામણો અન્વયે વિચારણા કર્યા બાદ બિન સરકારી માધ્યમિક શાળાઓને આપવાની સહાયનું ધોરણ આ વિભાગના ઉપર આમુખમાં જણાવેલા તા.૨૯-૯-૭૭ના ઠરાવથી ઠરાવવામાં આવ્યુ હતુ.આ ઠરાવની સાથે જોડેલી પરિશિષ્ટમાંની બાબતો અન્વયે બજારભાવમાં થયેલ વધારને અનુલક્ષીને સુધારા વધારા કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં અમદાવાદ આચાર્ય મંડળ, અમદાવાદ તરફથી પણ સરકારશ્રીમાં રજુઆત કરવામાં આવી હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાંની બીન સરકારી માધ્યમિક શાળાઓને આપવામાં આવતા સહાયક અનુદાનો માં ઇત્તર ખર્ચ પેટે મળવાપાત્ર ગ્રાંટ ના અંગેની વિગતોમાં નીચે ફકરા-૨ માં જણાવેલ શરતોએ અમુક બાબતો અંગે ઠરાવેલ ધોરણમાં સુધારા વધારાનું આથી ઠરાવવામાં આવે છે..

૧: પોતાના વાહનોનો ઉપયોગ કરતા શાળાના વડાના કિસ્સામાં તે અંગેના ખરેખર ખર્ચ માટે રૂા.૧૨૦૦/-ના બદલે રૂા.૨૪૦૦/-માન્ય રાખવામાં આવે છે.

૨: ટેલીફોન ચાર્જીઝ રૂા.૨૬૦/-ના બદલે રૂા.૫૦૦/-માન્ય રાખવામાં આવે છે. આ સિવાયના બાબતમાં અન્ય જોગવાઇ યથાવત ચાલુ રહે છે.

૩: બેન્ડ માસ્તરના વેતનો અંગે તા.૨૦-૧૧-૮૦ના ઠરાવથી નક્કી કરવામાં આવેલી માસિક રૂા.૨૫/- વાર્ષિક રૂા.૨૦૦/-ની રકમને બદલે રૂા.માસિક રૂા.૫૦/-વાર્ષિક રૂા.૪૦૦/-ની મર્યાદામાં નક્કી કરવામાં આવે છે.

૪: તબીબી તપાસ ખર્ચ વિદ્યાર્થી દીઠ રૂા.૫૦/-પૈસાને બદલે રૂા.૧-૦૦ નક્કી કરવામાં આવે છે.

૫:- અંગ્રેજી શિક્ષકોનો પગાર ખર્ચ અત્યારે જે શાળાને મળતી ઇત્તર ગ્રાંટમાંથી ચુકવાય છે, તેને બદલે હવેથી તે માન્ય પગારખર્ચમાં પાડવામાં લેવાની છૂટ આપવામાં આવે છે.

૨/- ઉપરોક્ત બાબતો પૈકી ક્રમાંક નં.૧ થી ૪નો ખર્ચ તથા પ્રસંગે પગાર સિવાયના ૧૫ % કે ૨૦ % ની મર્યાદામાં રહી તે અંગે પાડવામાં આવેલા ૭૦% અને ૩૦% ના વિભાજનમાંથી પાડવામાનો રહેશે.આ મર્યાદા બહારનો ખર્ચ અમાન્ય ગણવામાં આવશે.

આ હુકમો શિક્ષણ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની સંમતિ તા.૨૨-૪-૮૨ના રોજ મેળવી બહાર પાડવામાં આવે છે.

સહી:- સુભાષ પટેલ, ~~ગુજરાતના રાજ્યપાલશ્રીના~~ હુકમથી અને તેમના
સેક્શન ઓફિસર,

ક્રમાંક: માધ્યમ/બ-૧/૨૩૭૭૩-
જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ તા.૯-૭-

**નકલ જાણ તથા અમલ માટે રવાના:-**
આચાર્યશ્રી, બીન સરકારી માધ્યમિક શાળાઓ,
તમામ રાજકોટ જિલ્લો.